સુવિચાર : કંઇક પામવા માટે એની કિંમત ચૂકવવી જોઇએ, એ માત્ર વ્યવહાર નથી, પણ જે પામવાનું છે, એનું સાચું મૂલ્ય સમજવાની પારાશીશી છે - રાજુ અંધારિયા

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૦૫ | ૨૪ જૂન, ૨૦૧૫, બુધવાર ; અધિક અષાઢ સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



મુંબઈમાં પુનઃ ભારે વરસાદ Page-6

# ઘટાટોપ વાદળો પણ વરસાદની હાથતાળી

## શહેરમાં વરસાદી માહોલ બંધાયો પરંતુ વરસાદ નહિ : બફારાના કારણે વસાહતીઓ ત્રસ્ત

ગાંધીનગર, તા. ૨૩

અખબારોમાં છપાતા વરસાદ અંગેના સમાચારો વાંચી ગાંધીનગરાઓ આશા લગાવીને બેઠા છે કે હમણાં વરસાદ પડશે. આકાશમાં ઘેરાયેલા વાદળો પણ વરસાદની આશાને મજબુત બનાવી રહ્યા છે પરંતુ છેલ્લા બે દિવસથી ખુબ તીવ્રતાથી વરસાદની રાહ જોઈ રહેલા ગાંધીનગરાઓને વરસાદ જાણે હાથતાળી આપી રહ્યો છે. સાંજે આકાશમાં વાદળો વધુ ઘેરાયા હતા અને શહેરમાં કેટલાક સ્થળોએ છાંટા પડયા હતા.

ગુજરાતના ઘણા વિસ્તારોમાં વરસાદનું આગમન થઈ ચુકયું છે.

● અનુસંધાન પાન-૭ પર





(તસવીર : દિપક જાની)

## ૪૮ કલાકમાં ભારે વરસાદની આગાહી

### તંત્રને આગોતરા પગલાં ભરવા તાકીદ કરાઈ

ગાંધીનગર, તા. ૨૩

હવામાન ખાતાએ આગામી ૪૮ કલાકમાં ભારેથી અતિ ભારે વરસાદ થવાની કરેલી આગાહીને પગલે તંત્ર એલર્ટ મોડ પર મુકવામાં આવ્યું છે.

ભારેથી અતિ ભારે વરસાદની આગાહીને લઈ જિલ્લાના તમામ મામલતદારોને આગોતરા પગલાં ભરવા તેમજ સાવચેતીના તમામ પગલાં લેવા સૂચનાઓ જારી કરવા ઉપરાંત વરસાદી પાણીનો ઝડપી નિકાલ થાય તે માટે જરૂરી પગલાં લેવા જણાવી પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા જણાવાયુ છે.

# દક્ષિણ ગુજરાત-સૌરાષ્ટ્રમાં ધોધમાર વરસાદ

## અતિ ભારે વરસાદની ચેતવણી જારી કરાતા તંત્ર એલર્ટ : સુરત નજીક ચોર્યાસીમાં સાત ઈંચથી વધુ, કામરેજ, ઓલપાડમાં ૬ ઈંચથી વધુ વરસાદ : માછીમારોને દરિયામાં ન જવા માટેની સૂચના અપાઈ

અમદાવાદ,તા. ૨૩

અરબી દરિયામાં સર્જાયેલા ડીપ્રેશનના પરિણામ સ્વરૂપે સૌરાષ્ટ્ર, કચ્છના તમામ સ્થળો અને દક્ષિણ ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. દરિયો તોફાની બને તેવી ચેતવણી પણ જારી કરાઈ છે. જેના પરિણામ સ્વરૂપે માછીમારોને દરિયામાં ન જવા માટે સુચના આપવામાં આવી છે. દરેક બંદર પર ત્રણ નંબરના સિગ્નલો મુકી દેવામાં આવ્યા છે. સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાતમાં આજે પણ અતિ ભારે વરસાદનો દોર જારી રહ્યો હતો. ગુજરાતના વિવિધ ભાગોમાં ૨ થી ૭ ઈંચ સુધી વરસાદ પડ્યો હતો. સુરતમાં સતત ૨૪ કલાકથી વધુ વરસાદ પડી રહ્યો છે. દક્ષિણ ગુજરાતના મોટાભાગના વિસ્તારમાં ખૂબ ભારે વરસાદ નોંધાયો છે. સુરત નજીક ચોર્યાસીમાં ૭ ઈંચથી વધુ વરસાદ ખાબકી ગયો છે. જ્યારે કામરેજ અને ઓલપાડમાં ૬ ઈંચથી વધુ વરસાદ પડ્યો છે. આણંદ, સુરેન્દ્રનગર, અમરેલી, ખેડા, નડિયાદ, વડોદરા, માંગરોળ, મહુવા, સુત્રાપાડામાં પણ ભારે વરસાદ થયો છે. માંગરોળ, મહુવા, સુત્રાપાડામાં ૨-૨ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. માછીમારોને સ્પષ્ટ સલાહ આપવામાં આવી છે. બેથી

● અનુસંધાન પાન-૭ પર



અમદાવાદ ભીંજાયુ - ગાંધીનગરથી ૧૮ કિ.મી. દૂર અમદાવાદમાં મંગળવારની સમીસાંજે વરસાદનું હળવું પડતાં શહેર ભીંજાયું હતું... જોકે જેટલી અને જેવી અપેક્ષા હતી એટલો વરસાદ ન થતાં શહેરીજનો ભારે આકુળવ્યાકૂળ હતા... અચાનક પડેલા વરસાદી ઝાપટાએ વાહનચાલકોની હાલાકી વધારી હતી.

# ગ્રામસભા ગ્રામવિધાનસભા બની રહેશે

## વેરા બાકીદારોની યાદી, હકકપત્રક-મિલ્કત નોંધમાં ફેરફારની યાદી બહાલ રાખવા ઉપરાંત વન અધિકાર સમિતિની રચના તેમજ બી.પી.એલ. યાદીની વધ ઘટ પણ જાહેર કરાશે. જિલ્લામાં દસ દિવસમાં અભિયાન સંપન્ન થશે. ૬૪ લાયઝન અધિકારીઓની અભિયાન માટે નિયુકતી કરાઈ : ૧૧ થી ૫ દરમિયાન ગ્રામસભા મળશે

ગાંધીનગર, તા. ૨૩

આગામી ૧લી જુલાઈથી શરૂ થઈ રહેલ ગ્રામસભા અભિયાન અતિ મહત્વનું બની રહેશે. આ ગ્રામસભામાં મિલ્કતોના તેમજ હક્કપત્રકમાં ફેરફારની નોંધોનું વાંચન કરવા ઉપરાંત વેરા કસુરદારોની યાદીનું વાંચન પણ કરવામાં આવશે. આ ગ્રામસભા અભિયાનમાં દરેક ગામે વન અધિકાર સમિતિની રચના પણ કરવાની રહેશે.

પંચાયત વિભાગ દ્વારા યોજાઈ રહેલા આ ગ્રામસભા અભિયાનને લઈ તંત્ર એ તેની તૈયારીઓ અંગેની કવાયત હાથ ધરી છે. જિલ્લામાં ગ્રામસભા અભિયાન માટે ૬૪ જેટલા લાયઝન અધિકારીઓ પણ નિયુકત કરવામાં આવ્યા છે.

પંચાયતની ગ્રામસભાના અભિયાનને લોકાભિમુખ બનાવવા માટે આ મહત્વની સૂચનાઓ બહાર પાડવામાં આવી છે તેમજ દરેક અધિકારીને આ માટે ખાસ જવાબદારી પણ આપવામાં આવી છે. આ અભિયાનને લઈ પંચાયતથી લઈ તમામ સ્તરના પદાધિકારીઓને આયોજનની વિગતો મોકલી આપવામાં આવી છે તેમજ પ્રભારી સચિવ અને પ્રભારી મંત્રી પણ તેમાં હાજર રહે તેવો આગ્રહ સરકારના પંચાયત વિભાગ દ્વારા કરવામાં આવ્યો છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે પંચાયતના આ અભિયાનમાં બી.પી.એલ પરિવારની સુધારા-વધારા સાથેની યાદીને પણ બહાલી આપવાની છે. આ ઉપરાંત ગામમાં ૧૩મા નાણાં પંચ અંતર્ગત થયેલ વિકાસ કામોની યાદી પણ રજુ કરવાની તેમજ તેને બહાલી આપવાની બાબતનો સમાવેશ કરાયો છે.

પંચાયતના વેરાઓની નબળી વસુલાતને ધ્યાને લઈ સરકારે પહેલી વાર દરેક ગામમાં પંચાયત વેરાના

● અનુસંધાન પાન-૭ પર

### ગ્રામસભા અભિયાનની નવી વાતો

● ગ્રામસભા અભિયાનનું મોનીટરીંગ રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ દ્વારા રોજેરોજ કરવામાં આવશે. તંત્રને પણ ગ્રામસભા અભિયાન અંગેના રિપોર્ટ સમય-મર્યાદામાં એન્ટ્રી કરાવી દેવાના રહેશે. ● જિલ્લામાં દસ દિવસમાં ૩૦૨ ગ્રામસભાઓ યોજાશે. ● જિલ્લામાં ૪થી જુલાઈએ સૌથી વધુ ૪૭ સભાઓ યોજાશે જ્યારે સૌથી ઓછી ગ્રામસભા ૧૦મીએ ૧૦ યોજાશે. ● ગ્રામસભા ૧૧ થી ૫માં યોજાશે. ● દહેગામમાં પાંચ દિવસમાં, માણસામાં સાત દિવસમાં, ગાંધીનગરમાં સાત દિવસમાં તો કલોલમાં નવ દિવસ અભિયાન અંતર્ગત ગ્રામસભાઓ યોજાશે. ● ગ્રામસભા અભિયાન અંગે જિલ્લામાં ૬૪ લાયઝન અધિકારીઓ નિમાયા છે. જેમાં મનપાના નાયબ મ્યુનિ. કમિશનરનો પણ સમાવેશ થાય છે. ● દહેગામમાં ૨૦, માણસામાં ૧૭, ગાંધીનગરમાં ૧૪ અને કલોલમાં ૧૩ લાયઝન અધિકારીઓ નિમાયા છે.

### પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા મુલ્તવી રખાયેલ

# કારકુન સંવર્ગની પરીક્ષા હવે ૫મી જુલાઈએ યોજાશે

ગાંધીનગર, તા. ૨૩

પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા ગાંધીનગર સહિત ત્રણ જિલ્લામાં મુલ્તવી રખાયેલ કારકુન સંવર્ગની પરીક્ષા હવે ૫મી જુલાઈના રોજ લેવામાં આવશે.

પ્રશ્નપત્ર ફુટી જવાની શંકાને લઈ આ પરીક્ષા એકાએક મુલ્તવી રખાઈ હતી. તલાટીની પરીક્ષા અંગે પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા કોઈજ નિર્ણય હજુ સુધી લેવામાં આવ્યો નથી.

ગાંધીનગર જિલ્લામાં કારકુન સંવર્ગમાટે ૨૦હજારથી વધુ ઉમેદવારો નોંધાયા હતા અને ૬૦ જેટલા કેન્દ્રો નિયત કરવામાં આવ્યા હતા.

પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા હવે આ પરીક્ષા ૫મી જુલાઈએ લેવાનો નિર્ણય થતાં તેના આયોજનની તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. આ પરીક્ષા માટે તકેદારીના પુરતા પગલાંઓ લેવાશે તેવા સ્પષ્ટ સંકેત આપતાં સૂત્રોએ જણાવ્યું છે કે પરીક્ષાનું આયોજન પારદર્શક હશે પરંતુ તેની ગોપનીયતા પુરેપુરી જળવાશે.

# ૧૪મા નાણાં પંચની ભલામણોનો અમલ અટવાશે

## ગ્રામ પંચાયતોને વ્યકિતદીઠ વિકાસ માટે રૂ. ૫૦૦ની મર્યાદામાં જોગવાઈ કરવા સૂચવાયુ

ગાંધીનગર, તા. ૨૩

૧૪મા નાણાં પંચમાં ગ્રામ વિકાસને અગ્રતા આપવામાં આવી છે અને ગ્રામ પંચાયતને તેની વસ્તીને આધારે વ્યકિત દીઠ રૂ. ૨૫૦ લેખે સહાય પંચાયતને ચુકવવામાં આવશે.

રાજયમાં ૧-૪-૧૫થી આ નાણાં પંચની ભલામણોનો અમલ શરૂ થતો હોઈ સરકારના પંચાયત વિભાગે પણ પંચાયતોને રૂ.૫૦૦ની મર્યાદામાં વ્યકિત દીઠ વિકાસનું આયોજન કરવા સૂચવ્યું હોવાનું જાણવા મળેલ છે.

પંચાયત વિભાગના સૂત્રોના જણાવ્યા પ્રમાણે ૧૪મા નાણાં પંચની ગ્રાન્ટના વિતરણ અંગેની હજુ કોઈ સ્પષ્ટતાઓ નથી પરંતુ સરકારે આવી સૂચનાઓ જારી કરી દીધી છે.

ગ્રામસભા અભિયાન દરમિયાન નવા બજેટમાં આ રીતે જોગવાઈ કરી વિકાસના આયોજનની રૂપરેખા તૈયાર કરી રજુ કરવાનું જણાવતાં તંત્રના સૂત્રોએ જણાવ્યું છે કે બજેટની રૂપરેખા રજુ કરાશે પણ બજેટ તો જાન્યુઆરી પછી મંજુરી માટે પંચાયતની સભામાં રજુ કરાશે.

ગુજરાત સરકારે આ સૂચનાઓ જારી કરતાં તેના રાજકીય પ્રત્યાઘાતો આગામી દિવસોમાં પડશે તેમ મનાઈ રહ્યું છે. ગ્રામસભા અભિયાન પણ વિવાદમાં આવે તેવો ભય રાજકીય વર્તુળોમાં વ્યકત થઈ રહ્યો છે.

૧૩મા નાણા પંચનો બીજો હપ્તો પણ તાજેતરમાં છુટો કરાયો છે જયારે ૧૪મા નાણાં પંચની ભલામણોને લઈ ગ્રામીણ બજેટ તૈયાર કરવાનું હજુ પંચાયતના રસિયાઓને પણ ગળે ઉતરતું નથી તેમજ ૧૪મા નાણા પંચની ભલામણોના અમલને લઈ પણ પ્રશ્નો રજુ કરી રહ્યા છે.

બેઠક : નિસર્ગની નિરાંત અને અદ્યતન સુવિધામાં મનોમંથન...

YOUR OWN Resort

૧૦૦ની ક્ષમતાનો કોન્ફરન્સ હોલ



નિરવતાનો રવ...

bansari Greens

week-end home

ગ્રામભારતી પાસે, અમુલ, ગાંધીનગર-મહુડી રોડ
ફોન - (02764) 261181 / 82 | 99249 31224 | 98258 03299

# કેન્દ્ર સરકારના જાહેર સાહસોમાં સ્થાનિકોને ૮૫ ટકા રોજગારી આપવા રજુઆત

## ખાનગી ઉદ્યોગ ગૃહોને પણ ૮૫ ટકા સ્થાનિકોને રોજગારી આપવા સૂચવાયું

ગાંધીનગર, તા. ૨૩

કેન્દ્ર સરકાર હસ્તકના જાહેર સાહસો કે જે ગુજરાતમાં આવેલા છે તેમાં ૮૫ ટકા સ્થાનિકોને રોજગારી આપવા માટેની રજુઆત એકમો દ્વારા કેન્દ્ર સરકારને કરવામાં આવશે.

ઉદ્યોગોમાં સ્થાનિકોને ૮૫ ટકા રોજગારી આપવાના રાજય સરકારના નિર્ણયને ચૂસ્તપણે પાલન કરાવવાની દિશામાં રાજય સરકારે પ્રયાસો હાથ ધર્યા છે. કેન્દ્ર સરકારના જાહેર સાહસો અને ઉદ્યોગ ગૃહોના અધિકારીઓ સાથે રાજયના શ્રમ અને રોજગાર વિભાગના અધિકારીઓની એક બેઠક શ્રમ અને રોજગાર મંત્રીના અધ્યક્ષપદે મળી હતી.

આ અંગેની વિગતો પત્રકારોને આપતાં રાજયના શ્રમ અને રોજગાર મંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર ગુજરાત અને અમદાવાદ જિલ્લાના ૪૪ જેટલા ઉદ્યોગ ગૃહો અને કેન્દ્ર સરકારના જાહેર સાહસોના અધિકારીઓ સાથે બેઠક યોજવામાં આવી હતી. જેમાં સ્થાનીકોને ૮૫ ટકા રોજગારી આપવા અંગે ઉદ્યોગ ગૃહોએ ૮૫ ટકા રોજગારી આપવા અંગેની ખાત્રી આપી છે.

તેમણે જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારના જાહેર સાહસો જેવા કે ઓએનજીસી, ફુડ કોર્પોરેશન ઓફ

● અનુસંધાન પાન-૭ પર

જોઈએ છે

ગાંધીનગરના પ્રાઈમ લોકેશનમાં નવી શરૂ થનાર Super Market / Mart ના અનુભવી સ્ટાફની તાત્કાલિક જરૂર છે

| | | |
|---|---|---|
| મેનેજર | - | ૨ |
| કેશીયર કમ બીલીંગ (M/F) | - | ૪ |
| સેલ્સ સ્ટાફ (M/F) | - | ૨૦ |
| પ્યુન | - | ૨ |

બાયોડેટા આપવાનું સ્થળ

પ્લોટ નં. ૩૭૪/૧, સેક્ટર-નં.૮, એકતા ચોક, ગાંધીનગર
મો. : ૯૯૨૫૩ ૭૭૨૭૭ / ૯૮૨૫૧ ૫૧૨૭૭
Email : Classicgnr@yahoo.co.in